મગ્નતાષ્ટક: <u>શ્લોક-3</u>

સ્વભાવસુખમગ્નસ્ય, જગત્તત્ત્વાવલોકિનઃ
કર્તૃત્વં નાન્યભાવાનાં, સાક્ષિત્વમવશિષ્યતે (3)

<u>શબ્દાર્થ</u>: સ્વભાવસુખમગ્નસ્ય = સ્વાભાવિક આનંદમાં મગ્ન થયેલા, જગત્તત્ત્વાવલોકિનઃ = જગતના તત્ત્વોનું સ્યાદ્વાદ દ્વારા યથાર્થ નિરીક્ષણ કરનારા આત્માનો, અન્યભાવાનામ્ = અન્ય ભાવોનું, કર્તૃત્વમ્ = કર્તાપણું
ન = નહિ, સાક્ષિત્વમ્ = સાક્ષીપણું,
અવશિષ્યતે = બાકી રહે છે.

<u>શ્લોકાર્થ</u>:
સ્વાભાવિક આનંદમાં મગ્ન થયેલા અને જગતના તત્ત્વોનું સ્યાદ્વાદ વડે યથાર્થ નિરીક્ષણ કરનારા આત્માનો પોતાના ભાવોથી અન્ય ભાવોનું કર્તાપણું હોતું નથી. માત્ર સાક્ષીપણું જ રહે છે.

<u>ભાવાર્થ</u>
આત્મામાં સુખ જ છે, દુઃખ છે જ નહીં. સુખ સ્વભાવ રૂપે રહેલું છે. સહજ છે, ઉત્પન્ન કરવાનું નથી. આપણી એ જ અજ્ઞાનતા છે કે હું સુખથી ભરેલો છું એનું ભાન નથી. આત્માનો પોતાના ગુણોના સુખનો જે આનંદ છે તે <u>કોઈપણ પરદ્રવ્યની અપેક્ષા વિનાનો</u> છે માટે સહજ છે અને શાશ્વત છે.

આવ્યા પછી આત્મા જતો નથી, અનંતકાલ રહે છે.
આવા સુખમાં મગ્ન થયેલ જીવને અન્ય ભાવોનું કર્તૃત્વ
સંભવતું નથી, એટલે કે કર્તાભાવ રહેતો નથી. આ જીવ
પરદ્રવ્યોનો કર્તા નથી માત્ર જ્ઞાતા જ છે. મોહથી પરદ્રવ્યનું
કર્તાપણું માની લીધું છે જે અજ્ઞાન છે.

એક-બે ઉદાહરણથી આ વાત સમજાશે.

કોઈ રાજાનું સૈન્ય (Army), રાજાની આજ્ઞાથી,
પરદેશના રાજાના સૈન્ય સાથે યુદ્ધ કરે છે. પરંતુ તેનાથી
પ્રાપ્ત થયેલ જય-પરાજય રાજાના જ ગણાય છે. સૈન્ય
તો રાજાને પરવશ છે. તેને યુદ્ધ કરવું કે મરવું ગમતું નથી.
તે જ રીતે, આ જીવ કર્મોને પરવશ છે એટલે કર્મોનો
કર્તા છે. સ્વતંત્રપણે કર્મોનો કર્તા નથી.

ટૂંકમાં સાર એ છે કે આ જીવ હકીકતમાં શુદ્ધ-બુદ્ધ
અને નિર્મળ છે, કર્મોનો કર્તા નથી. પરંતુ તેમાં ભળેલી
પૂર્વે બાંધેલા કર્મોની ઉદયવશ (કર્મ ઉદયમાં આવવાથી)
મલિનતા જ કર્મ કરાવે છે. અષ્ટકર્મોથી મુક્ત શુદ્ધ જીવ કર્મોનો કર્તા નથી.

બીજું ઉદાહરણ:
તપેલા લોખંડને અડીએ તો દાઝી જવાય છે. લોખંડ
દઝાડતું નથી પણ તેમાં રહેલો અગ્નિ (ગરમી) દઝાડે છે.
હવે તેના ઉપર પાણી નાંખીને અગ્નિનો નાશ કરવામાં
આવે છે. હવે લોખંડને સ્પર્શ કરવાથી દઝાતું નથી.
કારણ કે દઝાડવું એ લોખંડનો સ્વભાવ હતો જ નહીં.
માટે જીવમાં ભળેલા રાગ-દ્વેષ (અગ્નિની જેમ) વગેરે ભાવો જ કર્મોના
કર્તા છે. જીવ પોતે કર્મોનો કર્તા નથી.

અજીવ તત્ત્વ પૂર્ણ રીતે પોતાના સ્વભાવમાં વર્તે છે.
સિદ્ધના જીવો પણ પૂર્ણ રીતે પોતાના સ્વભાવમાં વર્તે છે.
પરંતુ છદ્મસ્થ જીવો પોતે પોતાના સ્વભાવમાં વર્તતા નથી.

શ્લોકમાં કહ્યું કે "જગતાત્માવલોકન:" એટલે પરમાત્મા
આ જગતને સ્યાદ્વાદ દૃષ્ટિથી જાણે છે. આપણે
જગતના પદાર્થોને સ્યાદ્વાદ વડે જાણવાના છે. સ્યાદ એટલે
અપેક્ષા.

"કર્તૃત્વં નાન્યભાવાનાં" એટલે અન્ય ભાવોનું કર્તાપણું
હોતું નથી. કર્તા ભાવ આવવો ન જોઈએ.

"સાક્ષિત્વમ્ અવશિષ્યતે"... માત્ર સાક્ષીપણું જોઈએ.
પરમાત્મા જગતને જોઈ રહ્યા છે પણ જોયા અને જાણ્યા પછી
રાગ-દ્વેષ કરતા નથી. આપણે પણ જગતને જોઈએ છીએ
પણ રાગ-દ્વેષ કરીએ છીએ.

"આ મારો" અને "આ મારી" એવો ભાવ કરીએ છીએ.
"મારા-મારી ન કરતાં" જો માત્ર સાક્ષી ભાવે રહીએ તો જ
સમાધિની પ્રાપ્તિ થાય.

'સ્વ' ના માલિક બનવું હોય તો 'પર' માટે જીવવાનું બંધ કરો.
પર એટલે પોતાનું શરીર પણ પર અને સગા-સંબંધી અને
જડ દ્રવ્યો પણ પર. આ બધું સમજાશે તો તમામ વ્યવહાર
ઔચિત્યથી કરશો. કોઈની ઉપેક્ષા નથી કરવાની નહિ તો
મૈત્રી આદિ ભાવના રહેશે નહિ. જો પોતાના જ આત્માની
ઉપેક્ષા કરશો તો પોતાનો કદી પણ વિકાસ નહિ થાય.

'સ્વ' અને 'પર'નો આત્મા જ નજર સામે રહેશે
તો વર્તમાનમાં પણ સમાધિ અને ભવિષ્યમાં પણ સમાધિ
જ રહેશે.

મગનતા અષ્ટક: શ્લોક-3

જોવું અને જાણવું એ જ્ઞાનનો ગુણ છે પણ
જોયા અને જાણ્યા પછી કાંઈ ન કરવું તે વીતરાગતા છે.
જ્ઞાન જેટલું સ્વચ્છ બને તેટલું દૂર દૂર નું જણાય.
જાણવું એ જ્ઞાનનો ધર્મ છે પણ જાણ્યા પછી કોઈપણ
વિકલ્પ ન ઉઠવો એ આત્માનું પરમાત્મ સ્વરૂપ છે.

કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિતં કર્મ કુર્વતિ
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિ પાર્શ્વનાથ શ્રીયેસ્તુવ

કમઠે પ્રભુને ઘણું જ દુઃખ આપ્યું, ~~ધરણેન્દ્ર~~ ધરણેન્દ્રએ
પ્રભુને દુઃખમાંથી ઉગાર્યા... બંનેએ પોતાનું કર્મ
કર્યું. પરંતુ પાર્શ્વનાથ પ્રભુના આત્મામાં કોઈપણ
વિકલ્પ ઉઠ્યો નહિ. તેમની મનોવૃત્તિ બંને પ્રત્યે
એકસરખી હતી.

મગ્નાષ્ટક: શ્લોક-૪

પરબ્રહ્મણિ મગ્નસ્ય, શ્લથા પૌદ્ગલિકી કથા

ક્વામી ચામીકરોન્માદા: સ્ફારા દારાદરા: ક્વ ચ

શબ્દાર્થ:

પરબ્રહ્મણિ = પરમાત્માના સ્વરૂપમાં, મગ્નસ્ય = મગ્ન થયેલાનો, પૌદ્ગલિકી = પુદ્ગલ સંબંધી, કથા = વાર્તા, શ્લથા = નીરસ (લાગે છે.), ચામીકરોન્માદ: = સુવર્ણનું-ધનનું અભિમાન, ક્વ = ક્યાં (હોય), સ્ફારા = દેદીપ્યમાન, દારાદરા: = સ્ત્રીના આદરો

શ્લોકાર્થ:

પરમાત્મસ્વરૂપમાં મગ્ન થયેલા પુરુષને પુદ્ગલના સુખની વાર્તા નીરસ લાગે છે. તો પછી તેને ધનનો ઉન્માદ કેમ હોય? તથા દેદીપ્યમાન એવા સ્ત્રીસંબંધી હાવભાવ જોવાનો પણ કેમ હોય?

ભાવાર્થ:

પરમાત્મસ્વરૂપમાં તન્મય બનેલા આત્માને કોઈપણ પ્રકારનાં પુદ્ગલોની કથા-વાર્તા કરવામાં રસ હોતો નથી. કારણ કે જે પુદ્ગલદ્રવ્ય છે તે આત્માથી ભિન્ન દ્રવ્ય છે. તેથી ન તો ગ્રહણ કરવા લાયક છે કે ન તો ભોગવવા લાયક છે. આપણે તો પરમાત્માના દર્શનમાં મનને લગાડવાનો પુરુષાર્થ કરવો પડે છે.

"દારાદરા: ક્ષ? સ" એટલે પરમાત્મામાં મગ્ન હોય તેને રૂપસુંદરી તરફ પણ આકર્ષણ હોતું નથી. આપણાનો વધારે મમત્વ શરીર સાથે છે. ~~શરીર~~ મમત્વ ભાવવા માટે પૌદ્ગલિક ભાવો તરફ દૃષ્ટિ ના કરો. પરમાં કદી પણ મમતા આવતી નથી.

આ સંસારમાં રાગાદિ મોહભાવના મુખ્યત્વે બે સાધન છે કંચન અને કામિની. જીવ તેમાં મગ્ન બનીને, તે મેળવવા ગમે તેવા કષ્ટો સહન કરવા તૈયાર થાય છે.

સિંહગુફાવાસી મુનિને કોશા વેશ્યાનો સમાગમ કિંમતિ લાગ્યો. તેના માટે રત્નકંબલ લેવા માટે નેપાળદેશ સુધીનો પ્રવાસ કર્યો, એકાંત વેશ્યાની આજ્ઞાનો સ્વીકાર કર્યો પણ ઉપકારી ગુરૂની આજ્ઞા ન સ્વીકારી. ત્યાગ હોવા છતાં ગુણના અભાવે પતન થયું. ~~ત્યાગ કર્યો એમાં ત્યાગ કરવા જેવો નથી.~~

સાતમા ગુણસ્થાનથી મોહને મારવાની શરૂઆત થઈ જાય છે. જેટલા અંશે મોહનો માર છે એટલા અંશે વીતરાગતાનો વધતો હોય છે. ~~આત્મા~~

જીવ જ્યારે પોતાના અરૂપી આત્મપ્રદેશોને જોશે ત્યારથી મોહથી રહિત થશે. રૂપને ન જોયું તે જ અરૂપી દશા. જેવું આકાશ તેવો જ આત્મા. જે જે વસ્તુ અરૂપી છે તેને આકાર ન હોય પણ તે નિર્વિકાર હોય. તેથી યોગીઓ આકાશનું ધ્યાન ધરે છે. તેનાથી આત્મા વિશાળ, નિઃસંગ અને નિર્વિકાર બને છે. આકાશ જેમ નિર્લેપ અને નિર્વિકારી છે તેમ આત્મા પણ તેવો જ છે. જો કે આત્મા આકાશની જેમ શૂન્ય નથી પણ પૂર્ણાનંદથી ભરેલો છે.

મગનતા અષ્ટક: શ્લોક-૪

જ્ઞાનીઓ કહે છે ધર્મ કેટલો કર્યો તે ન પૂછો.

પર પદાર્થની મૂર્છા કેટલી તૂટી તે પૂછો.

પ્રભુનો માર્ગ પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વરૂપ છે.

પ્રવૃત્તિ એ વ્યવહાર ધર્મ છે.

નિવૃત્તિ એ આત્મ ધર્મ છે.

પ્રવૃત્તિરૂપ ધર્મ પણ નિવૃત્તિરૂપ ધર્મ તરફ જવા માટે છે.

પરમાત્માની પૂજા, અંજનશલાકા, પ્રતિષ્ઠા, પ્રવૃત્તિ રૂપ ધર્મ છે.

સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ એ નિવૃત્તિરૂપ ધર્મ છે.

પ્રવૃત્તિરૂપ ધર્મમાં શુભ આશ્રવની પ્રધાનતા છે.

નિવૃત્તિરૂપ ધર્મમાં સંવર-નિર્જરાની પ્રધાનતા છે.